# રે ! મારા મન! જગતમાં કોઈ કોઈનું નથી

ગઈકાલે હું રીક્ષામાં જતો હતો. મારી આગળ એક ટ્રક જતી હતી. મારી નજર તેના લખાણ પર પડી તેના પર લખાયું હતું - કોઈ કોઈનું નથી! વાંચીને હું વિચારતો જ થઈ ગયો. સાત અક્ષરના એ ટચૂકડા વાક્યમાં એક વિરાટ સંદેશો સમાયેલો હતો, 'રે! મારા મન! આ જગતમાં કોઈ કોઈનું નથી.' બધા સંબંધો સ્વાર્થનો છે એ વાત તો અલગ છે. અહીં તો એ વાતની સ્પષ્ટતા છે કે જેને આપણે પોતાના માનીએ છીએ તે આપણા નથી.

**જો કોઇ જીવે પોતાને મળેલું માનવજીવન સાર્થક કરવું હોય તો આ પ્રશ્નોત્તર પર તેણે ગહન ચિંતન કરીને, જાગૃત થઇને આગળ વધતું જોઈએ**

એક ગંભીર સંદેશા અહીં એ પણ છે કે એક માત્ર પરમાત્મા સિવાય આપણો સાચો સગો કોઈ નથી. પરંતુ ભારે વિડંબણા એ છે કે વ્યક્તિ ભગવાનને ભૂલીને સંસારના સંબંધોની માયાજાળમાં ફસાઈને જીવન પૂરું કરે છે.

જરા થોભો અને વિચાર કરો! જીવ જ્યારે માતાનાં ગર્ભમાંથી આ પૃથ્વી પર પદાર્પણ કરે છે ત્યારે તો તે પૂર્ણ નિર્દોષ અને નિખાલશ હોય છે. માતાનું સ્તનપાન કરતાં કરતાં સૌ પ્રથમ માતા સાથે તેનો સંબંધ બંધાય છે, 'આ મારી માતા છે!' જેમ જેમ તેનો માનસિક અને શારિરીક વિકાસ થતો જાય છે તેમ તેમ તે બીજા સંબંધોની જાળમાં ફસાવા માંડે છે. માતા પછી-પિતા-'આ મારા પિતા છે! પછી- આ મારા દાદા છે, આ મારી બા છે, આ મારા ભાઈ, આ મારી બહેન, આ મારા કાકા -કાકી આગળ વધતાં મારી પત્ની!

મારાં બાળક' સમય સાથે સાથે તેનું એ 'હું' અને 'મારું' નો વિસ્તાર વધતો જ જાય છે. પછી તેમાં ઉમેરાય છે. મારું ઘર, મારી જમીન, મારી વાડી, મારો બંગલો, મારી કાર મારું બેંક બેલેન્સ! દરેક પર તે હું અને મારાની મહોર મારતો જ જાય છે અને ફૂલાતો જાય છે. લગભગ મોટા ભાગના માનવીની આ દશા છે. બસ! જીવનભર તે 'હું અને 'મારા'ની મોહ-મમતા-આસક્તિની માયાજાળમાં ભમતો જ રહે છે.



ભારે આશ્ચર્ય તો એ વાતનું છે કે માયાજાળમાંથી નીકળવાનું તેને ગમતું જ નથી. પરમાત્મા જ મારા સાચા સંબંધી છે. એવું વિચારવાનો તેની પાસે અવકાશ જ નથી. પેલી માયાજાળ તેને અતિપ્રિય લાગે છે, ભગવાન નહીં!

**આચમન**
**બિપિન પટેલ**

શ્રીરામચરિતમાનસ-તુલસી રામાયણના અરણ્યકાંડમાં સ્વયં ભગવાન શ્રી રામ સમજાવે છે, મેં અરુ મોર તો તે માયા! જેહિં બસ કીન્હે જીવ નિકાયા! 'હું' અને 'મારું', 'તું અને 'તારું' એ જ માયા છે. જેમાં આ જીવ બિચારો ફસાયો છે. પ્રસંગ કંઈક આવો છે. વનવાસ દરમિયાન શ્રીરામ સીતા અને લક્ષ્મણ જ્યારે પંચવટીમાં નિવાસ કરતા હતા, ત્યારે એક દિવસ ભગવદ ચર્ચા દરમિયાન લક્ષ્મણજી શ્રીરામને કટેલાક પ્રશ્નો પૂછે છે. જેમાં તેમણે એક પ્રશ્ન એવો પૂછ્યો કે જે આપણને સાવધાન કરે છે, જાગૃત કરે છે. તેમનો પ્રશ્ન હતો-પ્રભુ! આ માયા શું છે? ત્યારે ભગવાને માર્મિક હસતાં કહ્યું, 'જો કોઇ જીવે પોતાને મળેલું માનવજીવન સાર્થક કરવું હોય તો આ પ્રશ્નોત્તર પર તેણે ગહન ચિંતન કરીને, જાગૃત થઈને આગળ વધતું જોઈએ. લક્ષ્મણ! જીવ સતત 'હું' અને 'મારું'નું જ ગાયન ગાતો રહે છે. હું કોણ? આ ગાડી-વાડી-બંગલાનો માલિક! આ પરિવાર મારો છે, આ ધનદોલત, જમીન જાયદાદ મારાં છે! બસ! એ જ તેનો ભ્રમ છે અને એ જ માયા છે! અને એ મમતા-મમત્વ જ તેના બંધનનું કારણ બને છે. એ ભૂલી જાય છે કે જીવનો સાચો સંબંધ પરમાત્માની સાથેના સંબંધને સઘન બનાવે એટલી જલદી તેનું કલ્યાણ થઇ શકે!' લક્ષ્મણજીને માધ્યમ બનાવીને ભગવાન શ્રીરામે સમગ્ર જગતને તેના કલ્યાણનો માર્ગ બતાવ્યો છે. ભગવાન શ્રીરામની એ વાણીમાં વિશ્વાસ રાખીને આપણે એ દિશામાં ચાલવાનો પ્રયત્ન કરીએ તો કેવું!

---

# તમે તમારી જાતને જાણો



એક જાણીતી વાત અહીં કરું છું, જેનો ગુઢાર્થ ખૂબ સરસ અને મહત્ત્વનો છે.

એક જંગલમાં રસ્તા વચ્ચે એક સિંહણને પ્રસુતી થઈ અને બચ્ચુ પેદા થયા પછી કોઈ કારણસર સિંહણ મૃત્યુ પામી. પેલું સિંહબાળ રસ્તા પર એકબાજુ પડી રહ્યું, કંઈ ખાવા-પીવા ન મળતાં સુધ-બુધ ખોઈ બેઠું હતું.

એવામાં એક ભરવાડ ઘેટાં-બકરાં લઈ ત્યાંથી પસાર થતો હતો, તેણે જોયું કે આ સિંહનું બચ્ચું એકલું અટૂલું પડ્યું છે, આસપાસમાં તેની માતા સિંહણ નજરે પડતી ન હતી. બચ્ચું અહીં પડી રહેશે તો મરી જશે, એમ માની ભરવાડે એને ઊંચકી લીધું અને પોતાનાં ઘેટાંની સાથે વાડામાં રાખી તેનો ઉછેર કરવા માંડ્યો. એ સિંહ બાળ રોજ જંગલમાં ઘેટાં-બકરાં જોડે ચરવા જાય અને ઘેટાંની સાથે ઘાસ ચરે, વળી ઘેટાંની જેમ જ એ બેં-બેં કરવા લાગ્યું. ઘેટાંની સાથે રહીએ ઘેટાં જેવું થઇ ગયું, એને પોતાની જાત શું છે એની ખબર જ ન હતી. એ ભલે દેખાવે સિંહ હતું, પણ ઘેટાં સાથે રહી ઘેટાં જેવું વર્તતું હતું. એ થોડું મોટું થયું અને એક વખત જંગલમાં ઘેટાં સાથે ગયા પછી ગાઢ જંગલમાં આગળ ચાલ્યું ગયું. ખૂબ આગળ નીકળી ગયા પછી એક સિંહનું ટોળું સામે મળ્યું. એ સિંહોએ જોયું કે, આ સિંહબાળ છે, પણ ઘાસ કેમ ખાય છે? એ સિંહ એની પાસે ગયો ત્યારે એ બચ્ચું બકરીની જેમ બેં-બેં કરવા લાગ્યું. સિંહને થયું કે આમ કેમ બોલે છે? નક્કી કંઈ ગરબડ છે. એ સિંહે એને સાથે લઈ લીધું. આગળ જતાં એક તળાવ આવ્યું. તેમાં પાણી પીવા એ બચ્ચાને સિંહો લઈ ગયા. તળાવમાં પાણી પીતાં એ બચ્ચાએ પોતાનું પ્રતિબિંબ પાણીમાં જોયું. તો ખબર પડી કે, એ તો પેલા સિંહો જેવું છે. એ ઘેટાં જેવું નથી, પછી એક સિંહે ત્રાડ નાખી ગર્જના કરી, ત્યારે એને ખબર પડી કે મારે પણ આવું કરવું જોઈએ, પણ ત્રાડ પાડી ન શક્યું. પેલા બધા સિંહો ગર્જના કરવા માંડ્યા અને બચ્ચાને પ્રેરણા મળી, એણે પણ સિંહોની જેમ બોલવા પ્રયત્ન કર્યો અને ગર્જના રી શક્યું. આમ એને પોતાની જાતની ખરી ઓળખ થઈ અને એ ઘેટાંને છોડી પેલા સિંહ ટોળામાં ભળી ગયું. આમ માણસને જાતની ઓળખ થાય તો જ ખરું. તમે તમારી શક્તિને ઓળખી ન શકો, ત્યાં સુધી તમે પ્રગતિ ના કરી શકો. તમે માનવ છો, સબળ છો, તમારી પાસે પણ બીજાની જેમ અખૂટ શક્તિ, આત્મવિશ્વાસ, હિંમત છે, પણ તે જાણી નથી શકતા એટલે તેનો ઉપયોગ કરી નથી શકતા અને આગળ વધી શકતા નથી. ઘેટાંના ટોળામાંથી નીકળી પોતાની જાતને ઓળખવાની જરૂર છે. તમે પણ ઈશ્વરના અંશ છો, તમારો આત્મા અજર-અમર છે, તમે એક સ્વતંત્ર વ્યક્તિત્વ છો, તમે જડ નથી, ચેતન છો, તમે શરીરના દાસ નથી. તમારો ખરો માલિક તમારો આત્મા છે. તમારી બુદ્ધિ, આવડત, કુનેહ અને શક્તિને ઓળખો તો જ આગળ વધી શકશો. નહીં તો ઘેટાં જોડે રહી સિંહ પણ ઘેટું બની જાય.

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

**એ સિંહોએ જોયું કે, આ સિંહબાળ છે, પણ ઘાસ કેમ ખાય છે? એ સિંહ એની પાસે ગયો ત્યારે એ બચ્ચું બકરીની જેમ બેં-બેં કરવા લાગ્યું. સિંહને થયું કે આમ કેમ બોલે છે? નક્કી કંઇ ગરબડ છે**

---




## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. 3 નવેમ્બરથી તા. ૯ નવેમ્બર - ૨૦૨૫

### તા. 3 સોમવાર
કારતક સુદ તેરસ, તુલસી વિવાહ પ્રારંભ, સોમ પ્રદોષ, પંચક 'વૈકુંઠચતુદર્શી, ઉપવાસ, ગોરખનાથ પ્રકટદિન, શ્રી રાધાવલ્લભ પાટોત્સવ-વૃંદાવન

### તા. ૪ મંગળવાર
કારતક સુદ ચૌદશ, વૈકુંઠ ચતુદર્શી, પંચક સમાપ્ત સ.12:35 કલાકે હનુમાનજી મેળો- ધોળી કુઇ, મણિકર્ણિકા સ્નાન - વારાણસી, કાશીવિશ્વનાથ પ્રતિષ્ઠા દિન

### તા. ૫ બુધવાર
કારતક સુદ પૂનમ, ગુરુનાનક જયંતી, દેવદિવાળી, વ્રતની પૂનમ, ત્રિપુરારી પૂનમ, ભીષ્મપંચક સમાપ્ત, તુલસી વિવાહ સમાપ્ત, સિહાચલ યાત્રા, પરમહંસ સદગુરુ આડકુજી મહારાજ પુણ્યતિથિ મહોત્સવ-અમરાવતી, પુષ્કર મેળો-અજમેર, શ્રી નિમ્બાર્કાચાર્ય જયંતી, ભેડાઘાટ- મેળો જબલપુર

### તા. ૬ ગુરુવાર
કારતક વદ એકમ

### તા. ૭ શુક્રવાર
કારતક વદ બીજ

### તા. ૮ શનિવાર
કારતક વદ ત્રીજ, ચોથનો ક્ષય, સંકટ ચોથ, ચંદ્રોદય રાત્રે 8 કલાકે પં. મદનમોહન માલવિયા પુણ્યતિથિ

### તા. ૯ રવિવાર
કારતક વદ પાંચમ